
# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૨૯/૦૩/૨૦૧૭ થી તા.૦૨/૦૪/૨૦૧૭)

## પેરોલ ફર્લો સ્કવોડ ખેડા-નડીયાદ



પ્રેસનોટ

ગોધરા તાલુકા પો.સ્ટે ના પ્રોહી ગુનામા છેલ્લા ૨ વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી પેરોલો ફર્લો સ્કવોડ ખેડા-નડીયાદ

શ્રી.મનીદર પ્રતાપસિંહ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓની સુચના હેઠળ એલસીબી પો.ઇન્સ્પે.શ્રી.વી.જે.રાઠોડના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડ બી.આર.પટેલ પો.સબ.ઇન્સશ્રી. તથા પો.કો ચંન્દ્રકાન્ત ગોવિદભાઇ બ.નં.૭૫૮ તથા પો.કો કુંદનકુમાર ઉમદભાઇ બ.નં.૧૩૮ તથા પો.કો રાજેન્દ્રકુમાર લલ્લુભાઇ બ.નં.૧૨૧૪ તથા પો.કો મહેશભાઇ મફતભાઇ બ.નં.૧૮૫ નાઓ સ્ટાફ સાથે પેટ્રોલીંગ દરમ્યાન સાથેના પો.કો કુંદનકુમાર ઉમેદભાઇને બાતમી આધારે ડાકોર બસ સ્ટેન્ડ રોડ ઉપરથી ગોધરા તાલુકા પો.સ્ટે.ના પ્રોહી. ગુ.ર.નં.૯૯/૧૫ પ્રોહી. એકટ કલમ ૬૬બી,૬૫એઇ,૧૧૬બી મુજબ ગુનામા છેલ્લા ૨ વર્ષથી નાસતો ફરતો આરોપી રમેશ ઉર્ફે લાલો રામાભાઇ ઝાલા રહે.સુંદલપુરા તા.ઉમરેઠ જી.આણંદનઓને આજ રોજ સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ ઝડપી અટક કરી આગળની વધુ તપાસ માટે ડાકોર પોલીસની સોપેલ છે.તા.૩૧/૩/૨૦૧૭



# ડાકોર પોલીસ સ્ટેશન

## ડાકોર નરસિંહ ટેકરી પાસેથી જુગાર રમતા રંગેહાથ ૭ ઈસમોને રૂ.૨૨૭૭૦ ની રોકડ રકમ સાથે ઝડપતી ડાકોર પોલીસ

**ડાકોર પોલીસ સ્ટેશન** **તા.૦૧/૦૪/૨૦૧૭**

મહે.પોલીસ અધિક્ષક સાહેબશ્રી મનિન્દર પવાર તથા મહે.ના.પો.અધિ.શ્રી એચ.એ.રાઠોડ તથા મહે.સર્કલ પો.ઈન્સ. સાહેબશ્રી સી.જી.રાઠોડ નાઓએ પ્રોહી જુગારના કવોલીટી કેસો શોધી કાઢવા સારૂ સુચના આપેલ હોવાથી સુચનાની અમલવારીના ભાગરૂપે સી.પો.સ.ઈન્સ. મનોજકુમાર સંગત્યાણી તથા અ.હે.કો. વિજયસિંહ રતનસિંહ પો.કો. કનકસિંહ લક્ષ્મણસિંહ પો.કો. અર્જુનસિંહ બલુસિંહ પો.કો. રાજેન્દ્રકુમાર રમેશભાઈ પો.કો. જસવીરસિંહ રણમલસિંહ એ રીતેના પો.માણસો સાથે ડાકોર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલા દરમ્યાન પો.કો. કનકસિંહ લક્ષ્મણસિંહ નાઓને બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે ડાકોર ડુંગરાભાગોળ નરસિંહ ટેકરીમાં રહેતા પ્રકાશભાઈ ભગવાનદાસ મહંત નાઓ લોકોને બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ પત્તા-પાના પૈસાથી હારજીતનો જુગાર પોતાના ઘરની બાજુની ખુલ્રી જગ્યામાં રમાડે છે જે બાતમી આધારે સાથેના પો.માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા કુલ-૭ ઈસમો (૧) જયદિપભાઈ ભીખાભાઈ રાણા રહે.ડાકોર નાનીભાગોળ (૨) દિલીપભાઈ કિરણસિંહ ચૌહાણ રહે.ડાકોર ડુંગરાભાગોળ (૩) ઈસુબભાઈ અબ્દુલભાઈ વ્હોરા રહે.ઠાસરા ઈન્દીરા નગરી (૪) રસીદમીયાં ગુલામમીયાં મલેક રહે.ડાકોર ભગતજીન (૫) રાકેશકુમાર લક્ષ્મણસિંહ ઠાકોર રહે.ડાકોર લક્ષ્મીજી મંદિર (૬) ચંદુભાઈ નરસિંહભાઈ વાલ્મીકી રહે.ડાકોર ડુંગરાભાગોળ (૭) જીતેન્દ્રભાઈ વિનોદભાઈ વસાવા રહે.ડાકોર ડુંગરાભાગોળ નાઓ પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી-રમાડતાં મળી આવતા તેઓ તમામની અંગઝડતી તથા દાવ ઉપરથી કુલ રોકડા રૂ.૨૨૭૭૦ તથા પત્તા-પાનાની કેટ તથા મોબાઈલ નંગ-૬ કિ.રૂ.૩૫૦૦ મળી કુલે કિ.રૂ.૨૬૨૭૦ સાથે મળી આવતા તમામ આરોપીઓની ધરપકડ કરી જુગાર ધારા ૧૨ મુજબ કેસ કરી સ્થળ ઉપરથી પોલીસને જોઈ નાસી જનાર મુખ્ય સુત્રધાર પ્રકાશઈભાઈ ભગવાનદાસ મહંત રહે.ડાકોર નરસિંહ ટેકરી નાને વોન્ટેડ જાહેર કરેલ છે.

---



# કઠલાલ પોલીસ સ્ટેશન

## પ્રેસ નોટ
## તા.૦૨/૦૪/૨૦૧૭

## કઠલાલ પો.સ્ટે.ના ખલાલ ચેક પોસ્ટ પાસેથી ચોરીના બાઇક સહિત કુલ્લે રૂપિયા ૧૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઇસમને જડપી પાડતી કઠલાલ પોલીસ

ખેડા જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી મનીન્દરસીંગ પવાર નાઓએ જીલ્લામાં મીલકત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ મીલકત વિરૂધ્ધના ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હતી. જે બાબતે નાયબ પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા, કપડવંજ વિભાગ નાઓએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હતા જે ધ્યાને લઇ તા.૦૨/૦૪/૨૦૧૭ ના રોજ કઠલાલ પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ શ્રી એ.જી રાઠોડ તથા પો.કો.બહેચરસિંહ રતનસિંહ તથા પો.કો. જયેશભાઇ કનુભાઇ-૧૦૭૫ તથા હેડ.કો. ગોવિંદભાઇ લક્ષ્મણભાઇ એ રીતેના ખલાલ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતા. દરમ્યાન એક ઇસમ કઠલાલ તરફથી જી.જે. ૦૭ એ.પી. ૩૦૪૪ નંબર વાળુ બાઇક લઇ આવતા તેને રોકી પુછપરછ કરતા પોતે પોતાનુ નામ પ્રકાશકુમાર લક્ષ્મણભાઇ ડાભી. ઉ.વ.-૧૭, ધંધો-અભ્યાસ, રહે-કાકરખાડ, સિધ્ધનાથપુરા, તા-કઠલાલ, જી-ખેડા-નડીયાદનો હોવાનું જણાવેલ હતુ. સદર બાઇક કઠલાલ પો.સ્ટે.ના ફસ્ટ ગુ.ર.નં-૩૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ હોય બાઇક ચાલક પાસે આર.ટી.ઓ. ને લગતા દસ્તાવેજની માંગણી કરતા કાગળો રજુ કરી શકેલ નહી. જેથી સદરહુ બાઇક સાથે ચાલકને ઉપરોકત ગુનામાં પકડી બાઇક ચાલક વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી કઠલાલ પોલીસે બાઇક ચોરીનો ગુનો શોધી કાઢેલ છે. અને આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ શ્રી એ.જી રાઠોડ નાઓ કરી રહેલ છે.

---



# નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશન

માતર રંગ અવધુત આશ્રમના ચક ચારીના લુંટના ગુનાને અંજામ આપનારી અંધારી આંબલીની તળપદા ગેંગનો છેલ્લા સાત વર્ષથી નાસ્તો ફરતો આરોપીને ઝડપી પાડતી નડીઆદ રૂરલ પોલીસ

## પ્રેશનોટ

મહે. પોલીસ અધિ શ્રી મનિન્દરસિંગ,પવાર સાહેબ ખેડા-નડીઆદ નાઓની સુચના અને શ્રી એચ.એ.રાઠોડ નાયબ પોલીસ અધિ સાહેબ નડીઆદ વિભાગ નડીઆદના માર્ગદર્શન મુજબ જીલ્લામાં બનતા મિલ્કત સબંધી ગુના અટકાવવા અને મિલ્કત સબંધી ગુનાઓના નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અંગેની સુચના હોઇ તેઓ સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ નડીઆદ રૂરલના પો.ઇન્સ એસ.એસ.મલ્હી અને તેમના પોલીસ સ્ટાફના પોલીસ માણસો મિલ્કત સબંધી ગુના સોધી કાઢવા તેમજ નાસ્તા ફરતા આરોપીઓની ખંતથી તપાસ કરી રહેલા હોઇ દરમ્યાન પો. કોંન્સ શ્રવણકુમાર સિયારામ બ.નં. ૮૧૨ નાઓને બાતમી મળેલ કે. ગોધરા એ.ડીવીજન પો. સ્ટે ફ.ગુ.ર.નં. ૨૧૫/૨૦૧૧ તથા ૨૪૫/૨૦૧૧ ઇ.પી. કો કલમ. ૪૫૭,૩૮૦ વિગેરે કામનો આરોપી વિનુભાઇ પુંજાભાઇ તળપદા રહે. અંધારી આંબલી તા. નડીઆદ નાનો નડીઆદથી પણસોરા ચોકડી તરફ એક રિક્ષામાં જનાર હોવાની બાતમી મળતાં પો. ઇન્સ શ્રી એસ.એસ.મલ્હી તથા પો. કો શ્રવણકુમાર સિયારામ બ.નં. ૮૧૨ તથા પો. કોન્સ રમેશભાઇ આશાભાઇ બ.નં. ૮૭૨ તથા પો.કો.ન્સ રણજીતસિહ ઠાકોરભાઇ બ.નં. ૯૧૬ તથા પો. કોંન્સ પ્રહલાદસિંહ રમેશભાઇબ.નં. ૭૭૯ તથા પો. કો રાજુભાઇ પ્રહલાદભાઇ બ.નં. ૯૫૪ નાઓ બાતમી આધારે સલુણ બસ સ્ટેશન ઉપર ખાનગી રીતે ઉભા રહી સદર આરોપીની બાતમી વોચ કરતાં આરોપી બાતમી આધારે રિક્ષામાંથી મળી આવતાં આજરોજ કલાક. ૧૮/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ. ૪૧(૧) આઇ. મુજબ અટક કરી તેઓને પુછ પરછ કરતાં અગાઉ માતર પો. સ્ટેમા, નડીઆદ શહેર, ચકલાસી, ડાકોર, અરવલ્લી જીલ્લાના મોડાસા, સાબરકાંઠા જીલ્લાના હીમતનગર, ડભોઇ, તેમજ અમદાવાદ શહેર ખાતે સરખેજ પો.સ્ટેની હદમાં લુંટ તથા ઘરફોડ ચોરીના આસરે કુલ વીશેક ગુનાઓ આચરેલા હોવાની અને તે તમામ જગ્યાએ પકડાઇ ગયેલ હોય પરંતુ ગોધરાના ઘરફોડ ચોરીના બે ગુના આચરેલા હોવાનુ અને તેમાં છેલ્લા સાતેક વર્ષથી નાસ્તો ફરતો હોવાનુ જણાવતો હોઇ સદર આરોપીને ગોધરા એ ડીવીઝન પો. સ્ટે સોંપવા તજવીજ કરેલ છે. તા.૨/૪/૨૦૧૭

F:\HOME Website Updation\03042017\spkheda\SAFLYAGATHA.doc

